ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૯૭ ટકા

# સચિવાલય ગેટ નં-૧ પાસે અકસ્માતમાં સેકશન ઓફિસરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સચિવાલય ગેટ નં-૧ પાસે બુધવારની મોડી સાંજે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગૃહવિભાગના સેકશન ઓફિસરનું મૃત્યું નિપજયુ હતું. સચિવાલયથી સેકટર-૨૧ ખાતે ઘર તરફ જઈ રહ્યા હતા, તે સમયે અકસ્માત સર્જાયો હતો. આઈ-૨૦ કાર ચાલકે અધિકારીના બાઈકને અડફેટે લેતા તેઓ નીચે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે ગાંધીનગર સિવિલ તેમજ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયાં ગુરુવારના રોજ સવારના સુમારે સારવાર દરમિયાન અધિકારીનું મૃત્યું નિપજયુ હતું.

મળતી માહિતી મુજબ અમદાવાદ વટવા ખાતે રહેતા અને શિક્ષક તરીકે ફરજ બજાવતા જયેશ બાબુભાઈ ચૌધરીએ ફરીયાદમાં જણાવ્યા મુજબ બુધવારના રોજ સાંજના સુમારે તેઓ પોતાના ઘરે હતા. તે દરમિયાન ગાંધીનગર સેકટર-૨૨ ખાતે રહેતા તેમના મિત્ર ભાવિન માધુભાઈ ચૌધરીનો ફોન આવ્યો હતો કે તમારા ભાઈ ગોંવિદભાઈ શંકરભાઈ ચૌધરી ઓફિસથી છુટીને સચિવાયલ ગેટ નં-૧ પાસેથી પોતાનું બાઈક નં. જી.જે.૨૪.એન-૨૯૮૭ લઈને ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે આઠ વાગ્યાના અરસામાં એસબીઆઈ બેંક અને માધ્યમિક શિક્ષણબોર્ડ ની કચેરીની સામે માર્ગ પર આઈ-૨૦ કાર નં. જી.જે.૧૮.બી.એચ.૫૩૫૫ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં તેઓ સેકશન ઓફિસર માર્ગ પર પટકાતા તેઓને શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોચી હતી. ગાંધીનગર સિવિલમાં સારવાર કરાવી વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયાં ગુરુવારના રોજ સવારે તેઓનું મૃત્યું નિપજયું હતું. અધિકારીના અચાનક મૃત્યુંને પગલે પરિવાર અને કર્મચારી આલમમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલકને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

## મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર અને કિસાન પરિવહન યોજનાનો લાભ લેવા I-khedut portalમાં ૧૫ ઓગષ્ટ સુધી અરજી કરી શકાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા સહિત રાજયના ખેડૂતોને ગુજરાત આત્મ નિર્ભર પેકેજ અંતર્ગત મુખ્ય મંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજનાથી ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવા માટે સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. તેમજ કૃષિ ઉત્પાદન પરિવહન સરળ બનાવવાના ઉમદા હેતુસર મીડિયમ સાઈઝના ગુડ્ઝ કેરેઝ વાહનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. આ બન્ને યોજનાનો લાભ લેવા માંગતા ગાંધીનગર જિલ્લાના ખેડૂતો પોતાની અરજી તા.૧૫મી ઓગષ્ટ, ૨૦૨૦ સુધી **I-khedut portal** પર કરી શકશે.

પોતાના ખેતર પર પાક સંગ્રાહક સ્ટ્રકચર અને કિસાન પરિવહન યોજના નો લાભ લેવા માંગતા લાભાર્થીઓ **I-khedut portal** ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી ગ્રામ કક્ષાએ ઈ- ગ્રામ સેન્ટર મારફતે અથવા જયાં પણ કોમ્પ્યુટર ઈન્ટરનેટ સુવિધા હોય ત્યાંથી કરી શકાશે. ખેતી ખાતાની તાલુકા કચેરીમાં પણ ઓનલાઈન અરજી કરી શકાશે. ઓનલાઈન અરજી કર્યા બાદ ઓનલાઈન અરજીની પ્રિન્ટઆઉટ મેળવી, સહી કરી સાધનિક કાગળો સાથે જે તે સેજાના ગ્રામસેવક અથવા તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારીને આપવાના અથવા સંબંધિત તાલુકા અમલીકરણ અધિકારી/પેટા વિભાગીય અધિકારીની કચેરી ખાતે રજુ કરવાની રેહશે. અરજી સાથે અનુ.જાતિ/અનુ.જનજાતિનું પ્રમાણપત્ર ( લાગુ પડતું હોય તો), **I-khedut portal** સિવાય અરજી કરેલ હોય તો ૮-અ ની નકલ, બેંક પાસબુકની નકલ અને રદ કરેલ ચેક ( આધાર સીડેડ) અને સંયુકત ખાતેદાર કિસ્સામાં બાંહેધરી પત્રક આપવાના રહેશે.

આ યોજનાનો લાભ રાજયમાં જમીન ધારણ કરતાં તમામ ખેડૂતોને મળવાપાત્ર રહેશે. લાભાર્થી ખેડૂતોને તેઓની જમીનના ૮- અ માં દર્શાવેલ ખાતેદારો પૈકી એક જ ખાતેદારને અન્ય ખાતા ધારકોની સંમતિને આધિન લાભ મળવાપાત્ર રહેશે.

## કુડાસણમાં રાધે આર્કેડના ધાબે ખડકાયેલો ભંગાર કરશે રોગચાળાનો સંચાર...!!





ગાંધીનગર, તા.૯

શહેરમાં ચોમાસું જામી ચુકયું છે અને વર્ષાઋતુ તેના આગવા સૌંદર્ય સાથે કેટલીક કડવી વાસ્તવિકતા પણ સાથે લઈને જ આવે છે. જેમાં સૌથી પહેલી વાસ્તવિકતા રોગજન્ય જીવજંતુઓના ઉપદ્રવ વધવાની છે જેના કારણે 'વાઈરલ' બિમારીઓનો પ્રકોપ ખૂબ વધી જાય છે. કોરોના વાઈરસ તો હવે આવ્યો અને ઘાતક સ્થિતિમાં પણ છે પરંતુ ડેન્ગ્યુ-મેલેરિયા વગેરે જેવા અન્ય વાઈરલ રોગો પણ હજુ આપણા માથે જ ઉભા છે. મોટાભાગની વાઈરલ બિમારીઓ ફેલાવાના મૂળમાં અસ્વચ્છતા અને ગંદકી રહેલી હોય છે જેમ કે ડેન્ગ્યુ ફેલાવતા મચ્છર હોય કે મેલેરિયા ફેલાવતા મચ્છર અથવા અન્ય બિમારીઓ માટે જવાબદાર માખી કે કોઈ બીજા જંતુઓ હોય, આ દરેકનું ઉત્પત્તિસ્થાન સ્વચ્છતાનો અભાવવાળા ગંદકીયુકત સ્થળો છે. આ બિમારીઓથી બચવા જરુરી છે કે આપણે જવાબદારીપૂર્વક આપણી આસપાસ સ્વચ્છતાને પ્રાધાન્ય આપવું જોઈએ. ન્યુ ગાંધીનગર વિસ્તારના કુડાસણ ખાતે રાધે આર્કેડ કોમ્પ્લેક્ષના ટેરેસ પર એક કોમ્પ્લેક્ષના જ વ્યવસાયિકે પોતાનું જુનું ફર્નિચર સહિત નકામા સરસામાનનો ખડકલો એટલો બધો કરીને રાખ્યો છે કે આ ખડકલો આ કોમ્પ્લેક્ષ સહિત સાથે જોડાયેલા રહેણાંક વિસ્તારના નાગરિકોના આરોગ્ય માટે મોટો ખતરો સાબિત થઈ શકે છે. આ બાબતે કેટલાંક જાગૃત નાગરિકોએ અવારનવાર ધ્યાન દોરવા છતાં અને તંત્ર દ્વારા નોટીસ ફટકારવા છતાં આ ભંગારના નિકાલ બાબતે પેલા વ્યવસાયિક દ્વારા સેવવામાં આવતી દુર્લક્ષતા અનેક માટે જોખમી બની શકે છે.

# સેકટર-૧૬માં વીજપોલ સ્વરૂપે ઝળુંબતુ સાક્ષાત મોત...!!

### માત્ર ઝાડની ડાળીના ટેકે પડતાં અટકી ગયેલ વીજપોલ કોઈનો જીવ લે તે પહેલાં પગલાં લેવા જરૂરી

ગાંધીનગર, તા.૯

એક તરફ શહેરમાં



વરસાદી માહોલ છવાઈ ગયો છે અને બીજી તરફ શહેરના ઘ-૪ સર્કલ નજીકથી સેકટર-૧૬માં પ્રવેશતા દેના બેંકની પાછળ જ એક વીજપોલ જાણે કોઈનો ભોગ લેવા તત્પર હોય તેમ ત્રાંસો થઈ ઝાડના ટેકે લટકી રહ્યો છે. ભેજવાળા વાતાવરણમાં આ વીજ પોલ જો કોઈ વ્યકિત કે વાહન પર પડે તો ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે તેમજ વીજ કરંટ લાગવાનું પણ જોખમ રહેલું છે.

સેકટર-૧૬ના મુખ્ય કોમર્શિયલ વિસ્તાર જયાં શહેરની મોટાભાગની બેંકોની શાખાઓ ઉપરાંત અનેક સરકારી અને વ્યવસાયિક કાર્યાલયો, દવાખાના, દુકાનો, હોટલ-રેસ્ટોરન્ટ સહિતનું બજાર હોવાથી અહીં દિવસભર મુલાકાતીઓની ભીડ અને મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહે છે. વળી ઘ-૪ સર્કલે અન્ડર પાસનું કામ ચાલુ હોવાથી ઘ માર્ગનો ટ્રાફિક પણ સર્વિસ રોડ પર જ ડાયવર્ટ કર્યો હોવાથી આ વિસ્તાર વધુ ગીચ બન્યો છે. આ સ્થિતિમાં દેના બેંકની પાછળ જયાં જાણીતી પેથોલોજી લેબોરેટરી સહિતના અનેક વ્યવસાયિક એકમો હોવાથી મુલાકાતીઓનું આવાગમન વધુ રહે છે તેવા સ્થળે સ્ટ્રીટ લાઈટનો વીજપોલ જોખમી રીતે જાણે સાક્ષાત મોત ઝળુંબતું હોય તેમ ઝાડની ડાળીના સહારે લટકી રહ્યો છે. વાવાઝોડા-વરસાદના સમયે ગમે ત્યારે આ વીજપોલ કોઈની પર 'વિજળી' સહિત ત્રાટકી શકે છે અને તેના મારથી અથવા કરંટથી કોઈનો ભોગ લઈ શકે છે ત્યારે સત્વરે તંત્ર હરકતમાં આવી આ પગલાં લેવાય તે જરુરી બન્યું છે.

### શહેરમાં જોખમી વીજ પોલનો સર્વે કરવો જરુરી

શહેરમાં અંદાજે ૧૮ હજાર જેટલાં વીજપોલ છે જેમાંથી અનેક વીજપોલ આવી અન્ય જોખમી પરિસ્થિતિમાં છે તેનો તંત્રએ સત્વરે સર્વ કરવો જરુરી છે. માત્ર વાઈબ્રન્ટ સમિટના સમયે સોહામણા બનાવી દેવાતા વીજપોલ હોય કે અન્ય સુવિધા પરંતુ સ્માર્ટ સીટીમાં સમાવેશ પામેલ પાટનગર તે અનુસાર પાયાની માળખાગત સુવિધાઓ પણ વિકસાવી શકયું નથી તે હકીકત છે.

## નગરના ફ્રુટના વેપારીઓને કોરોના બાદ વરસાદની મોસમને લીધે ઘરાકીમાં ઘટાડો

ગાંધીનગર, તા.૯

કોરોના ના કારણે નગરજનો દિવસેને દિવસે ભારે હાલાકી ભોગવી રહ્યા છે ત્યારે હવે વરસાદની સિઝન આવતા ઘરની બહાર નીકળો સાવ બંધ થઈ ગયું હોય તેમ લાગી રહ્યું છે. આમ તો કોરોનાના ડર થી ત્રણ મહિનાના લોક ડાઉન બાદ અનલૉક થતા નગરજનો ઘરની બહાર નીકળી શકતા હતા. સરકાર સરકાર દ્વારા જણાવેલી ગાઈડલાઈન નું પાલન કરીને ઘરની બહાર નીકળવા માટે નગરજનો હાલ ટેવાઈ ગયા છે અને શહેરના ધંધા-રોજગાર પણ અનલોક બાદ ધીમે ધીમે શરૂ થયા છે ત્યારે નાના ધંધા રોજગાર નો સંજીવન ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. પરંતુ વરસાદી મોસમને કારણે ખાસ કરીને શાકભાજી અને ફ્રુટવાળાને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. શાક પણ દરરોજ નહીં તો દર આંતરે દિવસે ગમે તેમ કરીને ખરીદવું પડે છે પરંતુ ફ્રુટના લઈ લે તો ચાલે એવી માનસિકતા સાથે નગરજનો હાલ વરસાદી મોસમમાં ખરીદી નથી કરી રહ્યા ઉલ્લેખનીય છે કે કોવિડની મહામારી દરમિયાન ફ્રુટ ખાવાથી કોરોના થાય છે તેવી વાત ફેલાઈ હતી અને ત્યારે પણ નગરજનો ફ્રુટની ખરીદી કરવાનું ટાળતા હતા. અને હાલ વરસાદી મોસમમાં મચ્છર નો ડર અને ખાસ કરીને કોરોનાના ડરને કારણે હાલ પણ નગરજનો ફ્રુટની ખરીદી કરવાનું ટાળી રહ્યા છે. જેના કારણે ફ્રુટ વેચનાર વેપારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. દિવસ દરમિયાન માંડ થોડો ધંધો થાય છે એમ નગરના ફ્રુટ વેચતા વેપારીઓ જણાવી રહ્યા છે. પહેલા કોરોના અને હવે વરસાદની સીઝન નાના વેપારીઓને નડી રહી છે એમાં પણ ખાસ ફ્રુટ વેચનારાઓને ઘરાકી જ નથી. જો આમ જ રહ્યું તો દિવસ દરમિયાન પોતાનો ખર્ચો કઈ રીતે કાઢવો તે પણ એક પ્રશ્ન બની રહેશે.

## ગીફટસીટી માર્ગ પર મોપેડ સ્લીપ થતા યુવકનું મૃત્યુ

### પાલજ ગામ જવાના માર્ગ પર મોપેડ સ્લીપ ખાઈ જતા ડીવાઈડર સાથે અથડાતા ઈજા પહોંચી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલી ગીફટસીટીથી પાલજ તરફ જતા માર્ગ પર અચાનક મોપેડ સ્લીપ ખાઈ જતા મોપેડ ચાલક યુવકને ઈજા પહોંચી હતી. યુવકને શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો. જયાં સારવાર દરમિયાન યુવકનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે મૃતકના પિતાએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ પાલજ ગામે રહેતો ૨૧ વર્ષિય યુવક સંજય મહેશભાઈ ગીફટસીટી ખાતે ખાનગી નોકરી કરે છે. ગત તા.૨ જુલાઈના રોજ રાત્રે સાડા નવ વાગે તે નોકરીથી પરત ઘર જયુપીટર જી.જે.૦૯.સી.એસ.૦૧૩૨ લઈને તરફ જઈ રહ્યો હતો. તે સમયે પાલજગામ જવાના માર્ગ પર મોપેડ સ્લીપ ખાઈ જતા ડીવાઈડર સાથે અથડાતા ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવક બેભાન થઈ જતા તેને ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો. ત્યાંથી તેને વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયો હતો. પાંચ દિવસ સુધી ભાનમાં ન આવેલા યુવકનું તા.૭ જુલાઈના રોજ મોડી રાત્રે મૃત્યું નિપજયુ હતું. મૃતક યુવાન વિજાપુર પાસે નવાનગરનો રહેવાસી હતો. જે પાલજ ખાતે પોતાના કાકાના ઘરે રહેતો હતો. બનાવ અંગે મૃતકના પિતાની ફરીયાદને પગલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચોમાસુ શરૂ થતા જ વિવિધ મંદિરોમાં હિંડોળા ઉત્સવ શરૂ થઈ ગયા છે. ભાવિકોની સંખ્યા હજુ ઓછી છે પરંતુ મનભાવન હિંડોળાનો સાજ શણગાર દરરોજ મંદિરોમાં શરૂ થઈ ગયો છે. સેકટર-૨૩ના સ્વામિનારાયણ મંદિર ખાતે સુવાસ શલાકા એટલે કે અગરબત્તીના હિંડોળાના શણગાર કરવામાં આવ્યા હતા. ભાવિકોએ ખૂબ જ ભાવપૂર્વક તેના દર્શન કર્યા હતા.



## ચિરવિદાય

- સ્વ. પટેલ રસિકલાલ અંબાલાલ, ઉ.વ. ૬૨, રબારીકોલોની-અમદાવાદ
- સ્વ. મિલનભાઈ અનોપચંદભાઈ બગાણી, ઉ.વ. ૫૯, કુડાસણ
- સ્વ. ઠાકોર ગાંડાજી ધુળાજી, ઉ.વ. ૭૨, ચામુંડાપુરા, કોલવડા
- સ્વ. સુરેશકુમાર ગોવિંદલાલ ઠાકર, ઉ.વ. ૭૩, મુસીતપુર, જી. પાટણ
- સ્વ. અરૂણાબેન ભરતભાઈ ત્રિવેદી, ઉ.વ. ૬૨, વાસણા હડમતીયા, ગાંધીનગર
- સ્વ. નાયક શાન્તાબેન હીરાભાઈ, ઉ.વ. ૮૦, મુ. છાલા, જી. ગાંધીનગર

# સંક્રમણ વધતાં શહેરમાં મહત્વનું બનતું જતું માસ્કનું માર્કેટ!!

### બ્રાન્ડેડ ફેશવવેરના શો-રૂમથી માંડીને દુકાનો-ફુટપાથ સુધી વેચાતા માસ્કની વિવિધતા પણ વ્યાપક બની

ગાંધીનગર, તા.૯

કોરોના વાયરસથી બચવા હાલ તો કોઈ રસીની શોધ થઈ નથી પરંતુ 'એસએમએસ' તમને આ વાયરસથી સંક્રમિત થતાં બચાવી શકે છે. 'એસએમએસ' એટલે સેનેટાઈઝર, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ, કોરોનાથી બચવા માટેના સૌથી પહેલા પ્રાથમિક ત્રણ પગલામાં 'માસ્ક'નો સમાવેશ થાય છે અને 'માસ્ક' એ હવે માત્ર એક કાપડનો ટુકડો નથી રહ્યો પરંતુ તો માનવીના રોજીંદા પહેરવેશનો એક ભાગ બની ચુકયો છે અને કદાચ એટલે જ હવે 'માસ્ક' માત્ર મેડિકલ સ્ટોર્સ પર નહી પરંતુ બ્રાન્ડેડ ફેશન શોપથી માંડીને ફુટપાથ સુધી અત્ર-તત્ર-સર્વત્ર વેચાઈ રહ્યો છે.





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના લૉકડાઉન દરમિયાન કરેલા પ્રજાજોગ સંબોધનમાં પોતાના ખેસને માસ્ક તરીકે વાપરવા સાથે નાગિરકોને સંદેશ આપ્યો હતો કે દરેકે માસ્ક પહેરવા ખૂબ જરૂરી છે પછી ભલે તે એન-૯૫ માસ્ક હોય અથવા પોતાના ખેસ, ગમછા કે દુપટ્ટાને માસ્ક સ્વરુપે ધારણ કર્યો હોય. આ સાથે સરકારે જયારે માસ્કને ફરજિયાત બનાવ્યો ત્યારથી કોઈ પણ આપત્તિમાં પણ વ્યવસાયની તક શોધી કાઢતાં ગુજરાતીઓએ અવનવી ડિઝાઈનના પ્રિન્ટેડ, નોન-પ્રિન્ટેડ, ડિઝાઈનર માસ્ક બનાવી બજારમાં વેચવાનું શરુ કરી દીધું છે. જયાં એક સમયે એન-૯૫ કે થ્રી-એમ જેવા માસ્ક મેડીકલ સ્ટોર્સમાં રૂ. ૩૦૦ થી ૪૦૦ સુધીની કિંમતે વેચાતા હતા તેના પણ હવે સરકારે ભાવ ઘટાડવાની ફરજ પડી છે. ત્યારે બીજી તરફ તેથી પણ સસ્તા અન્ય માસ્ક બજારમાં ખૂબ મોટા જથ્થામાં ઉપલબ્ધ થઈ રહ્યા છે. મોટા બ્રાન્ડેડ શૉ-રૂમથી માંડીને દુકાનો, રસ્તા પરની લારીઓ કે ફેરિયાવાળા સુધ્ધાં હવે માસ્ક વેચવા લાગ્યા છે અને માસ્કની કિંમત રૂ. ૧૦થી માંડીને રૂ. ૩૦૦ સુધીની જોવા મળી રહી છે. જેમાં અલગ અલગ સ્ટાઈલ, અલગ અલગ મટિરિયલ્સ તથા અલગ અલગ રીતે પહેરી શકાતા સાદા, ડિઝાઈનર, પ્રિન્ટેડ, મડિકેટેડ, સર્જીકલ વગેરે પ્રકારના માસ્કનો સમાવેશ થાય છે.

હવે તો કોરોના સંક્રમણ જોખમી રીતે વધી રહ્યું હોવાથી તંત્ર દ્વારા પણ માસ્ક નહીં પહેરનારા બેજવાબદારો પ્રત્યે લાલ આંખ કરી દંડનું શસ્ત્ર ઉગામ્યું છે. જેને કારણે માસ્કની માંગમાં જબરદસ્ત વધારો થઈ રહ્યો છે અને સામાન્ય માનવીથી માંડીને વીવીઆઈપી પોતાને અનુકૂળ હોય તેવા માસ્ક પસંદ કરીને પહેરવા લાગ્યા છે. આ કારણે મેડિકલ સ્ટોર્સ તથા કાપડ કે વસ્ત્રોની દુકાનથી માંડીને ગીફટ આર્ટિકલ્સની દુકાને, કટલરીની દુકાને, ફેશનવેર, શૉ રૂમ્સ તેમજ પાનના ગલ્લે અને ફુટપાથ પર લારીઓ-પાથરણાંમાં પણ માસ્ક વેચાઈ રહ્યા છે.

### માસ્કની વેરાયટીમાં 'ઈનોવેશન'નું મહત્વ...!!

મેડિકલ સ્ટોર્સમાં મળતા સર્જીકલ માસ્ક હોય કે ડિસ્પોઝેબલ માસ્ક અથવા દુકાનો કે ફુટપાથ પર મળતા કાપડના માસ્ક હોય દરેકમાં ડિઝાઈનમાં ખૂબ વેરાયટી જોવા મળી રહી છે. જેમાં કાનેથી પહેરવાના ઈલાસ્ટિકવાળા અથવા પાછળથી માથે બાંધવાના દોરીવાળા માસ્ક સહિત હવે શ્વાસ લેવા માટે હવાની અવરજવર થઈ શકે તેવી ખાસ પ્રકારની વ્યવસ્થા ધરાવતા માસ્ક પણ બજારમાં ખૂબ પસંદગી પામી રહ્યા છે. આ સાથે અનેક નાગરિકો નાકથી દૂર રહી શ્વાસ લેવામાં સરળતા રહે તેવા માસ્કની પણ પસંદગી કરી રહ્યા છે જયારે યુવાનોમાં ડિઝાઈનર માસ્કની બોલબાલા છે.